Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

42

# શ્રી અરવિંદ: સમગ્ર જીવન યોગ

**Dr. Manaliben Hareshkumar Gadhavi**

Assistant professor, G.D. Modi College of Arts, Palanpur

- **શ્રી અરવિંદ નો જન્મ :**

અરવિંદ નો જન્મ 15 મી ઓગસ્ટ ઇસવીસન 1872માં કલકત્તામાં ડોક્ટર કૃષ્ણ ધન ખુશ અને શ્રીમતી સ્વર્ણલતા દેવીના ત્યાં થયો હતો. શ્રી અરવિંદ ને ત્રણ ભાઈઓ હતા. તેમના પિતાએ પોતાનો મેડિકલ નો અભ્યાસ એડીનબર્ગમાં કર્યો હતો અને તેઓ પાશ્ચાત્ય સંસ્કૃતિથી અત્યંત પ્રભાવીત હતા. તેથી તેઓ તેમના પુત્રને ભારતીય સંસ્કૃતિ, વારસો ,ભાષા ધર્મ પરંપરા ,સામાજિક તેમજ રાજકીય સ્વરૂપથી અ ાળગા રાખવા ઈચ્છતા હતા અને પાશ્ચાત્ય પરંપરાથી પરિચિત કરાવી તેમાં તૈયાર કરવા ઇચ્છતા હતા (ભટ્ટ, 1972: 1).

- **અભ્યાસ**

પ્રાથમિક અભ્યાસ 1877 માં દાર્જિલિંગની લોટેરો કોન્વેન્ટ સ્કૂલમાં થયો હતો .બે વર્ષના અભ્યાસ બાદ તેમના પિતાએ શ્રી અરવિંદ અને તેમના ભાઈઓને અભ્યાસ સાથે ઇંગ્લેન્ડમાં રેવરન્ડ દ્રુવેત નામનાપાદરી પાસે અભ્યાસાર્થે મોકલ્યા હતા .જ્યારે શ્રી અરવિંદ પાંચ વર્ષના હતા 1879 થી 1884 સુધી તેમની પાસે અભ્યાસ કર્યો તેઓ તેર વર્ષની વયે ભારત પાછા ફર્યા ત્યારે તેમના પિતાનો સ્વર્ગવાસ થઇ ગયેલો તેમજ માતા ખૂબ બીમાર હતા

લેટિન, ઇતિહાસના મૂળતત્વો ભૂગોળ ગણિત વગેરે વિષયોનો અભ્યાસ ઘરે જ કર્યો હતો. નાની ઉંમરે તેઓ ફોક્સ ફેમિલી મેગેઝીન માં અંગ્રેજી કાવ્ય લખતા હતા.

લંડનની પોલશાળામાં તેમનું દાખલ કરવામાં આવ્યા ત્યારે તેમનું નામ arbinda acroyd Ghoshe કે રજીસ્ટરમાં નોંધાયેલું છે ઇંગ્લેન્ડમાં રહીને તેમનો સંબંધ અંગ્રેજી યુરોપિય વિચારધારા અને યુરોપના સાહિત્ય સાથે હતો પરંતુ લાગણીનો સંબંધ ફ્રાન્સ સાથે હતો.

1884 થી 1890 સુધી તેમણે સંત પોલ શાળામાં અભ્યાસ કર્યો એ દરમિયાન સાહિત્યનું બટરવર્થ ઇનામ અને ઇતિહાસ નું બેડવર્થ ઇનામ પ્રાપ્ત કરવા ઉપરાંત શાળાના તેઓ સિનિયર્સ સ્કોલર હતા. 1890 1892 માં સંતપોલ શાળાની સ્કોલરશીપની મદદથી કેમ્બ્રિજ ની કિંગ્સ કોલેજમાં અભ્યાસ કર્યો 1992માં ભાગ એકમાં પહેલા વર્ગમાં પાસ થયા (એજન:3).

- **ગ્રંથો**:

1. ધ લાઇફ ઓફ ડીવાઇન
2. ધ સિંથેસિસ ઓફ યોગ
3. આઇડિયલ ઓફ હ્યુમન યુનિટી
4. હ્યુમન સાઇકલ
5. ફ્યુચર પોએટ્રી

- **શ્રી અરવિંદ નો રાજકારણ તેમજ ગાયકવાડ સાથે સંબંધ:**

ગાયકવાડ વડોદરા મહારાજ સાથે અરવિંદ ની મુલાકાત ને જેમ્સ કોટને લંડન માં કરાવી હતી . અંગ્રેજી અને ફ્રેન્ચ માં પ્રાધ્યાપક તરીકે 1899 માં વડોદરામાં નોકરીમાં જોડાયા. (1893 થી. 1905 સુધી તેઓ વડોદરામાં રહ્યા.) 1904 માં તેઓ વડોદરા ની કોલેજમાં આચાર્ય પદે ની માયા 1905 માં તેઓ આચાર્ય પદે નિયુક્તિ પામ્યા (એજન:4).

1902 થી 1910 સુધી આઠ વર્ષે શ્રી અરવિંદે રાજનૈતિક કામગીરી બજાવી. ગાયકવાડ કોલેજમાં નોકરીની કામગીરી હોવાથી તેઓ રાજકીય પ્રવૃત્તિ જાહેર કરી શક્યા નહીં. 1906માં બંગાળના ભાગલા સમયે આંદોલન થતાં તેમની રાજકીય પ્રવૃત્તિ જાહેર કરી શક્યા.

કલકત્તાની જાહેર નેશનલ કોલેજ નું આચાર્ય પદ 1906 સુધી સંભાળ્યું. ટાગોર પોતાના કાવ્યમાં કહે છે કે"o aurobindo! accept the salutation of Ravinda " તેમણે અરવિંદને" ભારતના આત્મા મૂર્તિમંત અવાજ "તરીકે બિરદાવ્યા છે (એજન:5).

- **મૃત્યુ** :

શ્રી અરવિંદ નો 5ડિસેમ્બર 1950 ના રોજ 78 વયે ટૂંકી માંદગી બાદ વહેલી સવારે દેહ વિનય થયો હતો.

- **યોગની તાત્વિક ભૂમિકા**

અતિ માનસના અવતરણથી માનસ તેમજ અતિ માનસ વચ્ચેનો પડદો દૂર થાય છે માણસ અતિ માનસમાં ઊર્ધ્વગમન કરે છે આ પાર્થિવ ઉત્ક્રાંતિ નો છેલ્લો તબક્કો છે.

શ્રી અરવિંદના સાક્ષાત્કારની ભૂમિકા અને તાત્વિક ભૂમિકાના આધારરૂપે તેમનો પૂર્ણ યોગની પદ્ધતિ રચાઈ છે પૂર્ણ યોગના કેન્દ્રમાં મુખ્યતઃ ઈશ્વર મનુષ્ય પ્રકૃતિ છે તેમજ ચિત તથા અચલ  અને ચલની એકતા છે.

શ્રી અરવિંદ કહે છે કે "સત કે ચિત ચલ કે અચલ માંથી કોઈ એકને જ અલગ રીતે પૂર્ણ સત ગણતા સિદ્ધાંતો અર્ધ સત્ય છે ઉપરાંત સર્વમાં બ્રહ્મ , બ્રહ્મ માં સર્વ અને સર્વ બ્રહ્મ છે .તેનો સાક્ષાત્કાર કરવાનો એ જ તેમના પૂર્ણયુગનું ધ્યેય છે."

તાત્વિક પદ્ધતિ અને પૂર્ણ યોગ ની પદ્ધતિ એક જ છે (એજન:288).

- **પ્રાચીનયોગ ની પદ્ધતિ અને પ્રગતિશીલ વલણ**:

અરવિંદ કહે છે કે હજારો વર્ષથી ભારતમાં આધ્યાત્મિક જીવન અને ભૌતિક જીવન પ્રગતિશીલ માનસથી અળગા રહ્યા છે સામાજિક જીવનની રૂઢિ ચુસ્તતામાં અપ્રગતિશીલ રહેવાનો હકને માન્યતા મળી પરિણામે હેતુવિહીન તેમજ અજ્ઞાન રૂપ અને અનંત દ્વૈત ને હાવી થયું. બોજ સ્વરૂપ ભારતીય જીવન માંથી મુક્તિ માટે ભારતીય યોગ પદ્ધતિ એક જ એવો ઉપાય રહ્યો અને ત્યાગને સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત થયું.

અરવિંદના મત મુજબ પ્રગતિશીલ માણસને અવગણાને બદલે તેની સાથેના સંપર્ક અનિવાર્ય આવશ્યકતા છે .આપણે એ સમજવું જોઈએ કે વ્યક્તિ માત્ર પોતાના માટે જ અસ્તિત્વ ધરાવતી નથી તે સમૂહમાં પણ

અસ્તિત્વ ધરાવે છે . વૈયક્તિક પૂર્ણતા અને મુક્તિ એ ઈશ્વરનું અખિલ ઇરાદો નથી. વૈયક્તિક મુક્તિ માં માનવ જાતની મુક્તિ નો સમાવેશ થાય છે પૂર્ણતાની પ્રાપ્તિ પૂર્ણ ઉપયોગીતા તો પૂર્ણતાનું બીજામાં વૈશ્વિકીકરણ કરવામાં રહેલી છે (એજન:292).

- **યોગ અને જીવન:**

અરવિંદના મત અનુસાર " યોગ અને જીવન બંને વિશ્વના સાચા દૃષ્ટિબિંદુમાં અખિલ જીવન સચિત્ર છે કે નિમ્ન ચેતન રીતે એક યોગ જ છે .જીવનમાં બાહ્ય અને દેખીતા સ્તરની ભીતર જો નિરખીયે તો જણાય છે કે અખિલ જીવન વિશ્વ પ્રકૃતિનો એક વિશાળ યોગ છે અને તેમાં પ્રકૃતિ પોતાનામાં અગોચર રહેલ સતને વધુને વધુ અભિવ્યક્ત કરીને પોતાની પૂર્ણતા પ્રાપ્ત કરાવવા પ્રયાસ કરે છે તેમજ પોતાના દૈવી સત્તા સાથેના સાધવા પ્રયાસ કરે છે તેમના વિચારક એટલે કે માનવીમાં તે સૌ પહેલા આ પૃથ્વી ઉપર આત્મસચેત સાધના અને પ્રવૃત્તિના સંકલ્પમય વ્યવસ્થા રચે છે. તેના દ્વારા મહાન હેતુને વધુ ઝડપથી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે"

વિશ્વ શક્તિની સામાન્ય પ્રક્રિયાઓ સાથે સંબંધન હોય તેવી રહસ્યમય કે અસામાન્ય બાબત નથી .યોગ તો વિશ્વ પ્રકૃતિએ પોતાની સામાન્ય ક્રિયામાં અભિવ્યક્ત કરેલી શક્તિઓનો તીવ્ર અને અસામાન્ય ઉપયોગ છે .જેમાં વરાળ અને વીજળીની સામાન્ય ક્રિયાના સંબંધમાં વરાળ અને વીજળીના કુદરતી બળની વૈજ્ઞાનિક સંચાલન પદ્ધતિ છે. તેમ માનવીની મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓના સંબંધમાં યોગ પદ્ધતિ બંને પદ્ધતિઓનો નિયમિત પ્રયોગ વ્યવહારુ વિશ્લેષણ અને સતત પરિણામ દ્વારા ચકાસણી અને વિકાસના જ્ઞાનના આધારે રહેલી છે.

અરવિંદના મતે યોગ એવા સામાન્ય નામ હેઠળ આવરી લેવાથી બધી પ્રક્રિયાઓ કુદરતીની નિશ્ચિત સત્ય ઉપર આધારિત વૈજ્ઞાનિક પ્રક્રિયાઓ છે તેમજ તેના વિકાસ સામાન્ય કાર્યો અને શક્તિના પરિણામે થાય છે (એજન: 29).

- **અરવિંદ ની દ્રષ્ટિએ યોગનું મહત્વ:**

યોગની સાધના માટે શ્રી અરવિંદ ત્રણ પક્ષોની સંમતિ આવશ્યક ગણે છે ઈશ્વર વિશ્વપ્રકૃતિ અને માનવઆત્મા .1) યોગમાં આરોગણ અને અવરોહણ એમ બે પ્રક્રિયાઓ છે સાથે તેમાં એક અંતરંગ ઉર્ધ્વગામી મહત્વકાંક્ષા

સક્રિય રહે છે . જે સંપૂર્ણ વ્યક્તિત્વની માંગને વ્યંજિત કરે છે. 2). તેમાં વ્યક્તિ સંપૂર્ણ રૂપથી પોતાને પરમ તત્વ સમક્ષ સમર્પિત કરી દે છે. આ શિશુવત વિશ્વાસની સાથે મહાશક્તિ કરશે .તેના હિતના સમર્પણમાં અને તેમાં નિહિત આ વિશ્વાસના સંબંધને જેને પ્રસ્તુત કરીએ છીએ વ્યક્તિત્વમાં આ બધું સહન કરવા તેમજ જે તેના રૂપાંતરણ માટે અનિવાર્ય છે શક્તિ અને સાહસ હોવું જોઇએ ત્યારે જ યોગની સાર્થકતા છે ( સક્સેના, 2010: 260).

- **હઠયોગ:**

**હઠયોગ** યોગનું ધ્યાન અને શરીર પર વિજય મેળવવાનું છે . આપણું સ્થૂળ શરીર અન્નકોષઅને પ્રાણમય કોષમાં શરીર અને પ્રાણના સાહિત્યથી બનેલું છે. હઠયુગની મુખ્ય પ્રક્રિયા આસન અને પ્રાણાયામ છે.

શ્રી અરવિંદ કહે છે કે ,શારીરિક જીવનની પૂર્ણતાનો ભૌતિક પ્રકૃતિનું ધ્યેય અસામાન્ય માત્રા માં સિદ્ધ કરવાનું છે. સામાન્ય જીવનની યોગ્ય દૂર રહેવું પડે છે આ યોગ દ્વારા પ્રાપ્ત સિદ્ધિઓ વિશ્વની પ્રવૃત્તિને બહુ ઉપયોગી થતી નથી હઠયોગ જે સિદ્ધિ મેળવે છે નાના-નાની હેતુ માટે બહુ મોટી કિંમત મેળવે છે.

- **રાજયોગ:**

રાજયોગ કે હઠયોગની આગળની અવસ્થા છે. રાજયોગનો ઉદ્દેશ્ય માત્ર શરીરની મુક્તિ તેમજ શરીરની પૂર્ણતા જ નથી પૂર્ણતા આવેગમ્ય જીવન પર કાબુ વિચારણા ને ચેતનામાં સાધનો પર સ્વામીત્વનું છે .તે ચિત્ત પર પોતાનું લક્ષ્ય કેન્દ્રિત કરે છે તેમજ શરીર તંત્રની શુદ્ધિનો પ્રયાસ કરે છે.

રાજયોગ મનોમય જીવનની કાર્યશક્તિઓના વિસ્તાર અને પૂર્ણતા તથા આધ્યાત્મિક સત ના ક્ષેત્રમાં પ્રવેશનું ધ્યેય ધરાવે છે.

શ્રી અરવિંદ કહે છે કે "આપણે હેતુ આધ્યાત્મિક જીવન અને તેના અનુભવને જાગૃત જીવનમાં પૂરેપૂરો ક્રિયાશીલ તેમજ ઉપયોગી બનાવવાનું છે પરંતુ રાજયોગમાં તો આપણા સર્વ સાધારણ અનુભવનો પાછળના સ્તરમાં જવાનું વલણ દ્રષ્ટિગોચર થાય છે."

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

- **કર્મયોગ:**

શ્રી અરવિંદ કહે છે કે "યોગમાં દિવ્યતાની સાથે  ઓતપ્રોતતા અભિપ્રેત છે માનવસેવામાં ધર્મ અને નીતિનો સંમિશ્રણ છે આવું સંમિશ્રણ આધ્યાત્મિક જીવનની તૈયારી તરીકે ખપ લાગે પરંતુ એવું બને તેમાં ઈશ્વર સાથેની એકતા કે ઓતપ્રોતતા સિદ્ધ થાય ખરી? કર્મયોગી તો અનંત સાથે ની ઝંખના થી પ્રદિપ્ત હોય છે .

- **કર્મયોગી ના ત્રણ લક્ષણો:**

1. સાધક હ્રદયના ભાવ સાથે પરમેશ્વરને પોતાના કર્મો અર્પણ કરે છે અને સતત સ્મરણ તથા સમર્પણ સાથે સાધના ચાલુ રાખે છે.
2. ભીતર કર્મ ફળ પ્રત્યેની અનાશક્તિ ઉપરાંત કર્મ અંગેની અનાશક્તિ પણ કેળવવી પડે છે. જેમ જેમ અનાશક્તિ વધતી જશે તેમ તેમ આત્મા કામનારહિત શાંતિ પ્રાપ્ત થશે  વૈરાગ્ય ભાવના શક્ય બનશે.

**શ્રી અરવિંદના** કર્મ દર્શનનો રહસ્ય છે કે"spirituality is at the same time and direct going of the human to Divine and direct coming of the Divine to the human ."કર્મ ફળ ત્યાગમાં યોગની ઊંચાઈ પ્રાપ્ત કરાવે શકે તેવી શક્તિ સમર્પણ તા અને શરણાગતિમાં રહેલી છે (શાહ, 2000: 7).

- **અધ્યાત્મયોગ:**

શ્રી અરવિંદ આધ્યાત્મ યોગને પ્રસ્તુત કરતા કહે છે કે અધ્યાત્મ યોગનું ઉદ્દેશ્ય કેવળ સ્વ સુધી સીમિત નથી. મનુષ્ય એ કેવળ પોતાના માટે જ કાંઇ પણ ન કરવું જોઈએ .તેણે તો ભગવતી (પરમ તત્વ) ની ઈચ્છા નો સ્વીકાર કરી તેના માટે કંઈક કરવું જોઈએ અને ભગવતી ની ઈચ્છા ને અભિવ્યક્ત કરવાનો અર્થ થાય છે કે સાધક કેવળ પોતાના જીવનમાં પોતાને સીમિત, મર્યાદિત ન કરે પરંતુ સંપૂર્ણ વિશ્વમાં દિવ્યા જીવનના અવતરણ માટે સતત પ્રયત્નશીલ રહે છે આમ યોગમાં વ્યક્તિગત મોક્ષ અને આનંદ પણ સ્વીકાર્ય નથી., વસ્તુતઃ જીવાત્મા તો નિત્ય મુક્ત છે એટલે કે બંધનમાં બંધાય અને પછી મોક્ષ માટે સતત પ્રયત્નશીલ રહે બધું જ પરમ તત્વની લીલા છે અને આપણે તેનો સ્વીકાર કરવો જોઇએ.

અધ્યાત્માની આ ક્રીડામાં પ્રત્યેક વસ્તુ અનિવાર્ય કડી છે .જેના માધ્યમથી આધ્યાત્મિક શક્તિ પોતાનું અપૂર્વ રમત રમે છે અરવિંદ આ યોગની અપૂર્વતાને સમર્થન આપે છે (સક્સેના, 2010: 262).

- **પૂર્ણયોગ:**

1. પ્રથમ અવસ્થા: પ્રથમ અવસ્થામાં વ્યક્તિને એક નિર્ભયક સતના રૂપમાં તેની અનુભૂતિ થાય છે એક એવા સતના રૂપમાં જે સંપૂર્ણ જગતની સર્વે વ્યાપી પૃષ્ઠ ભૂમિ નું નિર્માણ કરે છે.
2. દ્વિતીય અવસ્થા: જગત માં વ્યાપ્ત સતના રૂપમાં અનુભવ થાય છે.
3. અંતિમ અવસ્થા: આ અવસ્થામાં સાર્થક ને સંપૂર્ણ સંસાર તેની દિવ્યતા ક્રીડાના રૂપમાં દ્રષ્ટિગત થાય છે.

અંતિમ અવસ્થાની પ્રાપ્તિ બાદ વ્યક્તિના દ્રષ્ટિકોણમાં એક આમૂલ પરિવર્તન આવે છે એ જ વિશ્વ છે જે પહેલા અશિવ રૂપમાં લક્ષિત થતું હતું જ્યારે વિશ્વ જે પહેલા રૂપમાં લક્ષિત થાય છે હવે શિવ માં રૂપાંતરિત થાય છે અને વ્યક્તિ સ્વયમ તેની સક્રિય અભિવ્યંજના નું કેન્દ્ર બને છે.

અરવિંદ તેમના આધ્યાત્મયોગમાં સનાતન યોગના અપૂર્વ પાસાને પ્રસ્તુત કરે છે.

- **અરવિંદના પૂર્ણયોગની લાક્ષણિકતા:**

શ્રી અરવિંદ અનુસાર સૌપ્રથમ દેવી સત નો પૂર્ણ સાક્ષાત્કાર થાય છે .જેના દ્વારા પૂર્ણ મોક્ષની પ્રાપ્તિ થાય છે .આ મુક્ત સાહિત્ય મુક્ત એટલે કે પોતાના સર્વ અંશો સાથે વ્યક્તિનો દેવી-સત સાથેનો અતૂટ સંપર્ક જ નથી તે માત્ર ચાલુક્ય મુક્તિ પણ નથી એટલે કે સચ્ચિદાનંદની સ્થિતિમાં માત્ર સચેતસદનો દેવી સમકક્ષ એવો વાસ જ નથી તે તો બધા ઉપરાંત સાધારણ મુક્તિ એટલે કે નિમ્નકક્ષાના સતનું દેવી સતની માનવ પ્રતિમા માં રૂપાંતર દ્વારા દેવીત્વની પ્રતીતિ થાય છે આ સર્વ અંતિમ મુક્તિ છે અહમની ક્ષણભંગુર રચનામાંથી ચેતનાની મુક્તિ અને સત સાથેનું એકીકરણ છે જ્ઞાન ભક્તિ અને કર્મ નો સમન્વય છે આત્માના સ્વાતંત્ર દ્વારા અહમ બંધન શરીરની તથા માનસની પ્રતિક્રિયાઓથી મુક્ત બનીને આપણા શરીરની તથા માણસની પ્રતિક્રિયાઓ છે મુક્ત બનીને આપણા શરીર અને માણસમાં વિશ્વ ઉપરના દેવી કાર્ય ના વાહક બની જઈએ છીએ.

- **ઉપસંહાર:**

શ્રી અરવિંદ યુરોપિયા વિચારધારાથી તેમજ ઉપયોગ પરંપરાથી પ્રેરાયેલા હતા તેની સાથે સાથે તેમણે અલગ અલગ યુગની ભૂમિકા આપી છે.અતિ માણસના અવતરણથી માનસ તેમજ અતિ માણસ વચ્ચેની દુરીઓ દૂર થાય છે. આ સાક્ષાત્કારની ભૂમિકા અને તાત્વિક પદ્ધતિ પૂર્ણ યોગની પદ્ધતિ છે .યોગ અને જીવન બંને એકબીજાને જોડતી સાંકળ છે હઠીયો રાજયોગ કર્મયોગ આધ્યાત્મ યોગ તેમજ પૂર્ણ યોગ એ જીવનશૈલીમાં ઘણો પ્રભુત્વ જોવા મળે છે. તેનું માનવ જીવનમાં અભૂતપૂર્વ યોગદાન રહેલું છે.